## सहयोगी एजन्सिस

- African Canadian Social Development Council
  (416) 658-5100
- Alexandra Park Community Centre
  (416) 603-9603
- Alexandra Park Neighbourhood Learning Centre
  (416) 591-7384
- Atkinson Co-op
  (416) 504-6993
- Canadian Race Relations Foundation
  (416) 952-3500
- Canadian Arab Federation
  (416) 493-8635
- Community Social Planning Council of Toronto
  (416) 351-0095
- Co-operative Housing Federation of Toronto
  (416) 465-8688
- Council of Agencies Serving South Asians
  (416) 979-8611
- Davenport-Perth Neighbourhood Centre
  (416) 656-8025
- Delta Family Resource Centre
  (416) 747-1172
- Eastview Community Neighbourhood Centre
  (416) 393-6354
- Fort York Food Bank
  (416) 203-3011
- Hispanic Development Council
  (416) 516-0851
- Hong Fook Mental Health Association
  (416) 493-4242
- Jamaican Canadian Association
  (416) 746-5772
- Jane Finch Community Legal Services
  (416) 398-0677
- Jane/Finch Concerned Citizens Organization
  (416) 880-2870
- Justice for Children and Youth
  (416) 920-1633
- Kensington-Bellwoods Community Legal Services
  (416) 924-4244
- Midaynta Association of Somali Serving Agencies
  (416) 544-1992
- NEW Experiences for Newcomer Women
  (416) 469-0196
- Ontario Council of Agencies Serving Immigrants
  (416) 322-4950
- Regent Park Neighbourhood Initiative
  (416) 981-6738
- Scadding Court Community Centre
  (416) 392-0335
- Schizophrenia Society of Ontario
  (416) 449-6830
- South Asian Family Support Services
  (416) 431-4847
- South Asian Legal Clinic of Ontario
  (416) 542-9146
- South Asian Women's Centre
  (416) 537-2276
- St. Christopher House
  (416) 848-7980
- St. Stephen's Community House
  (416) 925-2103
- Street Health
  (416) 921-8668
- The 519 Church Street Community Centre
  (416) 392-6878
- Toronto Community Housing
  (416) 981-5500
- Toronto Police Accountability Coalition
  (416) 977-5097
- Toronto Police Service
  (416) 808-2800
- YMCA Youth Intervention and Outreach Services
  (416) 504-1710

The Law Foundation of Ontario
Scadding Court Community Centre
Toronto
Toronto Community Housing
Canadian Heritage Patrimoine canadien
Canada

# ઈમિગ્રન્ટસ તથા નવા આવેલા લોકો માટે જાણકારી

## CEAPC

કમ્યુનીટી એજયુકેશન એન્ડ એકસેસ ટૂ પુલિસ કંપલેંટ ડેમોન્સટ્રેશન પ્રોજેકટ

Scadding Court Community Centre

Language: Gujarati

## સી.ઈ.એ.પી.સી. નો પરિચય

કમ્યુનીટી એજયુકેશન એન્ડ એકસેસ ટૂ પુલિસ કંપલેટ ડેમોન્સટ્રેશન પ્રોજેકટ નો મુખ્ય ઉદદેશ સમાજ ના બધા વર્ગોની વિશેષ જરૂરિયાતો માટે પોલીસ ફરિયાદ તંત્ર ને ઉપલબ્ધ કરવો તથા નાગરીકો ને દરેક પ્રકારે તે તંત્ર બાબત જાણકારી પ્રદાન કરવી.અમારા ૩૩ સામાજીક સહયોગી છે જે અમોને ઉપરોકત ઉદદેશ પ્રાપ્તિ માટે નીચે લખ્યા મુજબ સહાયતા કરે છે . પોલીસ તમારા ઘરે આવીને પુછપરછ કરે ત્યારે સહયોગ અને કાનુની મદદ કયાંથી મળે તે બાબત યોગ્ય સૂચન કરવુ.

## પોલીસ દ્વારા રોકવા પર

પોલીસ તમોને રોકીને તમારી બાબત પુછપરછ કર કે તમે કોણ છો ત્યારે શું કરવું ?
તમારે પોલીસ ને તમારી સાચી ઓળખાણ આપવી જેથી તમો આગળ કોઈ પ્રકારની મુંજવણ માં ના પડી જાઓ. બની શકે છે કે પોલીસ કોઈ ગુનેહગારની તપાસમાં હોય અને તમોને તેજ સમજી બેસે. જો પોલીસ તમોને તમારૂં ઓળખપત્ર માંગે તો તમારે તે દેખાડવું જોઈએ.
જો પોલીસ અધીકારી એમ વિચારે કે તમોએ કોઈ ગુનો કર્યો છે અને તમો તમારી ઓળખાણ ન બતાવો તો જયાં સુધી તમારી સાચી ઓળખાણ ના મળે ત્યાં સુધી તમોને અટકાયતમાં રાખી શકે છે.

> શુ તમો જાણો છો ? તમોએ આ પ્રશ્નો સિવાય કોઈપણ અન્ય જવાબ આપવાના નથી. જો કોઈ અન્ય પ્રશ્ન નાં જવાબ તમો આપો અને તમારી ઘરપકડ કરવામાં આવે તો તે જવાબ તમારી વિરૂધ્ધ કેસ થાય તેમા પુરાવા રૂપે વાપરી શકાય છે.

ધ્યાન માં રહે :
તમો વિનમ્રતા થી પુછી શકો છો કે શું અમે અટકાયાતમાં છીએ કે જવા માટે સ્વતંત્ર છીએ ?

મોટર ચલાવતા વખતે પોલીસ દ્વારા રોકવામાં આવે ત્યારે શું કરવું ?
પોલીસ તમોને મોટર ચલાવતી વખતે રોકે ત્યારે તમારી પાસે તમારૂં ડ્રાયવીંગ લાયસંસ, મોટરનું રજીસ્ટ્રેશન અને વીમાનાં કાગળો માંગી શકે છે. જો તમો તે રજુ ન કરી શકો, તો તમરા સામે પ્રોવીન્શીયલ ગુનો દાખલ થઈ શકે છે. તમો તમારો કેસ પ્રોવીન્શીયલ કોર્ટ માં લડી શકે છો.

## પોલીસ દ્વારા જડતી લેવા પર

પોલીસ તમારી જડતી લેવા આવે ત્યારે શું કરવું ?
જો તમે અટક માં હોવ અથવા પોલીસ ને કોઈ કારણસર એમ લાગે કે તમારી પાસે કોઈ ગેરકાનુની વસ્તુ હોઈ શકે છે તો પોલીસ તમારી, તમારા કપડાની અને તમારા અન્ય સામાનની જડતી લઈ શકે છે. તમે જો તમારી રજામંદી આપો તો પણ પોલીસ જડતી લઈ શકે છે. રજામંદી નો ઉદાહરણ–તપાસ માં તમને પોલીસ તમારા ખીસા ખાલી કરવાનું કહે ને તમો તે કરો, જો તમો ના નહી પાડો તો આ તમારી રજામંદી ગણાશે.

> શું તમો જાણો છો?પોલીસ દ્વારા અટક કરવાથી અથવા ઘરપકડ થવાના સંજોગો માં તમને કાનુની અધિકાર છે કે :
> - અટક અથવાઘરપકડ કરવાનું કારણ જાણી શકો છો.
> - તેજ વખતે ખાનગી માં વકીલ ને મળી શકો છો.
> - વકીલ મારફત કાનુની મદદ મફતમાં લઈ શકો છો. પોલીસે તમોને એમનો ફોન નંબર આપવો જુએ.
> - તમો અમારી સહયોગી એજન્સીઝ માં થી કોઈપણ એકનો સંપર્ક સાધી વકીલ નિયુકત કરવા માટે મદદ લઈ શકો છો. અમારા સર્વે સહયોગી એજન્સીઝ નાં નંબર પાછળ લખ્યા મુજબ છે.

પોલીસ જયારે તમારા ઘરની જડતી લેવા માટે આવે ત્યારે શું કરવું ?
પોલીસ પાસે જડતીનું વોરન્ટ હોય અથવા કોઈ કારણસર તેઓ માનતા હોય કે તમારા ઘરમાં કોઈ ગુનો થયો છે તો તેઓ તમારા ઘરની જડતી લઈ શકે છે. જડતી વોરંટ કોર્ટ તરફથી આદેશ હોય છે જેમાં તારિખ ,દિવસ અને સમય લખેલો હોય, તે અનુસાર પોલીસ તમારા ઘરની જડતી લઈ શકે છે. જો પોલીસ તમારા ઘરની જડતી નું વોરંટ સાથે લાવે તો તમો તે જડતી વોરંટ જોવા માટે માંગી શકો છો.

> શું તમે જાણો છો ? જો તમારા ઘરના સરનામે લાગેલ નંબર ૯૧૧ નો ફોન કપાઈ જાય છે તો પોલીસ વગર અનુમતિએ તમારા ઘર માં ઘુસી શકે છે.

જડતી વોરંટ માં નીચે મુજબ લખાણ તપાસી લેવું :
- જડતી વોરંટ ઉપર તમારૂં જ સરનામું છે કે નહી.
- તમારા ઘરે પોલીસ વોરંટ માં લખેલ તારિખ, દિવસ અને સમય મુજબ જ આવી છે કે નહી.
- જડતી નુ વોરંટ જજ અથવા જસ્ટીસ ઓફ પીસ દ્વારા સહી કરેલ છે કે નહી.
- પોલીસ જે વસ્તુઓ ને ગોતી રહી છે તે જયાં મળવી શકય હોય ત્યાંજ ગોતશે. (ઉદા. પોલીસ ૩૬" નો ટી.વ્હી. ગોતવા માટે ઘરેણા નાં ડબા માં ન જ જુવે.)

> શું તમે જાણો છો ?જો પોલીસ વોરંટ માં લખેલા પુરાવા ની તપાસ કરી રહી હોય અને તેમનાં હાથમાં અન્ય કોઈ અપરાધ થી જોડાયલ પુરાવા મળે છે તો તે પણ તમારા વિરૂધ્ધ ઉપયોગ કરી શકે છે.

## તમે શું કરી શકો છો

જો તમોને લાગે કે તમારી જડતી બિન જરૂરી તથા ગેરકાનુની છે તો તમો એજ વખતે પોલીસ અધીકારી ને આ બાબત તમારો વિરોધ દર્શાવી શકો છે. તમારી પાસે તે પોલીસ અધીકારી વિરૂધ્ધ ફરીયાદ કરવાનો કાયદેસર નો અધિકાર પણ છે. તમો સ્કેડીંગ કોર્ટ કમ્યુનીટી સેટર અથવા અમારા કોઈ પણ પાછળ દીધેલ લીસ્ટ મુજબ નાં પ્રોજેકટ પાર્ટનર દ્વારા ફરિયાદ નોંધાવી શકો છો. તમો ઓનલાઈન ફરીયાદ પણ નીચે લખેલ વેબસાઈટસ ઉપર લખાવી શકો છો.

www.scaddingcourt.org
www.torontopolice.on.ca
www.occps.on.ca

## વધુ જાણકારી માટે સંપર્ક કરો

લૈલા સારંગી
પ્રોજેકટ સંયોજક
સ્કૈડીંગ કોર્ટ કમ્યુનીટી સેન્ટર
૭૦૭ ડન્ડાસ સ્ટ્રીટ વેસ્ટ
ટોરોન્ટો, ઓન્ટારીઓ M5T 2W6
ફોનઃ (416) 396 - 0335 X 233
ફેકસ : (416) 396 - 0340
ઈમેલ: lsarangi@scaddingcourt.org
www.scaddingcourt.org